નવી બાબત ૨૦૨૩-૨૪

ડૉ.આંબેડકર ભવન, છોટાઉદેપુરના મકાન

બાંધકામ બાબત

રૂ.૧૫૦.૦૦ લાખ

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/NWR/e-file/17/2023/0073/G

સચિવાલય, ગાંધીનગર

તા.૧૨/૦૫/૨૦૨૩

વંચાણે લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૩૧/૧૨/૨૦૨૨નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૨/૯૨૭૦-૭૧

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૨૯/૦૩/૨૦૨૩નો પત્ર ક્રમાંક: અજાક/મ-૩/૨૦૨૩/૧૪૫૯-૬૦

આમુખ:

અનુસૂચિત જાતિના લોકોમાં આવેલી સભાનતા અને સમાજમાં શૈક્ષણિક અને સામાજિક પ્રવૃતિઓમાં થયેલ વધારાને તથા પછાત વર્ગોના ઉત્કર્ષને ધ્યાનમાં રાખી રાજ્યના તમામ જિલ્લા મથકે જિલ્લા કક્ષાના ડૉ. આંબેડકર ભવનો બાંધવાનું નક્કી કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ દ્વારા વંચાણે લીધેલ ક્રમાંક: (૧) પરના તા.૩૧/૧૨/૨૦૨૩ પત્રથી ડૉ.આંબેડકર ભવન, છોટાઉદેપુરના મકાનનાં બાંધકામ માટેની નવી બાબતનો વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સમાવેશ કરવા માટે દરખાસ્ત કરવામાં આવેલ છે, જે અન્વયે ડૉ.આંબેડકર ભવન, છોટાઉદેપુરના મકાનનાં બાંધકામ માટે રૂ.૨૯૯.૨૨ લાખના અંદાજોના ૫૦% મુજબ રૂ.૧૫૦.૦૦ લાખની નવી બાબતનો વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૨૯/૦૩/૨૦૨૩ પત્રથી ડૉ.આંબેડકર ભવન, છોટાઉદેપુરના મકાનનાં બાંધકામ માટે રૂ.૧૫૦.૦૦ લાખની વહીવટી મંજૂરી આપવાની દરખાસ્ત કરેલ, જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, ડૉ. આંબેડકર ભવન, છોટાઉદેપુરના મકાનનાં બાંધકામ માટે રૂ.૨૯૯.૨૨ લાખના અંદાજો મંજૂર રાખી રૂ.૧૫૦.૦૦ લાખની નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

A. આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDB ના તા: ૩૦/૩/૨૨ ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat – Integrated Master plan Portal સાથે Linkage કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.

B. બાંધકામના કામોની દરખાસ્તોની મંજૂરી માટે નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણે તાત્કાલીન પ્રવર્તમાન S.O.R મુજબ નકશા-અંદાજો તૈયાર કરી સક્ષમ સત્તાધિકારીની તાંત્રિક મંજૂરી મેળવવાની રહેશે. સદર બાંધકામ અંગેની ટાઈપ ડીઝાઈન માર્ગ અને મકાન વિભાગ પાસેથી અથવા નિયત થયેલ સંસ્થા પાસેથી તૈયાર કરવાની રહેશે.

C. બાંધકામના કામોમાં P.W.D. મેન્યુઅલની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

D. આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્કઓર્ડર આપવાના રહેશે.

E. રેલવે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જો વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

F. જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુનર્વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

G. સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે. આ બાંધકામ અંગે જો કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

H. આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

I. આ કામની ડિઝાઈન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

J. મંજૂર થયેલ અંદાજોમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.